# નિષ્ણાતોના વક્તવ્ય

DATE:25-08-2025

આજરોજ કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે નિષ્ણાતોના વક્તવ્યનું સુંદર અને અનોખું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં SOG મહીસાગર ના પોલીસ ઇન્સ્પેક્ટર માન. વિમલભાઈ ધોરડા સાહેબ અને તેમની સમગ્ર ટીમ શાળામાં વિશેષ રૂપે ઉપસ્થિત રહી હતી. દિન પ્રતિદિન વધતા જતા સાયબર ક્રાઇમ, ડિજિટલ નો દુરુપયોગ અને આજના યુવાનોમાં વધતા જતા વ્યસનો ને કારણે વિદ્યાર્થીઓ પોતાની યોગ્ય કારકિર્દી ઘડી શકતા નથી તે માટે વિદ્યાર્થીઓમાં તેની અવેરનેસ કેળવાય તે હેતુસર વિશેષ વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના માધ્યમિક વિભાગના સુપરવાઇઝર અને પ્રવૃત્તિના કન્વીનર શ્રી દિનેશભાઈ વણકર સાહેબ દ્વારા મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ આચાર્યશ્રી અને સુપરવાઇઝર મિત્રો દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી અને સૌ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ PPT પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઇમ અને તેની અવેરનેસ કેળવાય તે માટેની સ્પષ્ટ અને વિશેષ સમજૂતી એસઓજીના માંથી ઉપસ્થિત ભરતભાઈ ત્યારબાદ પીએસઆઇ શ્રી એ એમ બારીયા સાહેબ અને પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વિમલભાઈ ધોરડા સાહેબ દ્વારા આપવામાં આવી હતી. તદ્દઉપરાંત વિદ્યાર્થીઓને સાયબર અંગેની મૂંઝવણો માટે પ્રશ્નોત્તરી નું સેશન પણ રાખવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ખુલ્લા મને તેઓને પ્રશ્નો પૂછી અને તેમના પ્રશ્નોનું સમાધાન પણ મેળવ્યું હતું. શાળાના આચાર્યશ્રી એ આભાર દર્શન કર્યું હતું અને છેલ્લે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો

હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માધ્યમિક વિભાગના શ્રી હિતેશભાઈ આર પંચાલ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.






SOG Mahisagar
OKC sankul

